**ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર, નાગપુર**

**ICAR-Central Institute for Cotton Research, Nagpur**

An ISO 9001:2015 Certified Organization

## ૩૧ ડીસેમ્બર, ૨૦૨૪ થી  જાન્યુઆરી, ૨૦૨૫ દરમ્યાન કપાસની ખેતી પધ્ધતિ માટે ૩૦મી અઠવાડિક સલાહ

| ગુજરાત | | છેલ્લા અઠવાડિયામાં પડેલ ખરેખર વરસાદ (મીમી) | | | | | આગામી અઠવાડિયા માટે સુચિત / પુર્વાનુમાન વરસાદ (મીમી) | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ડીસેમ્બર | | | | | જાન્યુઆરી | | | | |
| | | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ |
|  | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | જુનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | સાબરકાંઠા | | | | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | પાટણ | | | | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | મહેસાણા | | | | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ પડેલ વરસાદ અને પ્રમાણિત રંગ | | ૦.૧ થી ૨.૪ મીમી | | ૨.૫ થી ૧૫.૫ મીમી | | ૧૫.૬ થી ૬૪.૪ મીમી | | ૬૪.૫ થી ૧૧૫.૫ મીમી | | ૧૧૫.૬ થી ૨૦૪.૪મીમી | |
| પડેલ વરસાદનું વર્ગીકરણ | | ખૂબ જ ઓછો વરસાદ | | ઓછો વરસાદ | | મધ્યમ વરસાદ | | ભારે વરસાદ | | અતિ ભારે વરસાદ | |

**પાક પરિસ્થિતિ :**

સુરત ખાતે વાવણી કરેલ પાક લલણીની અવસ્થાએ છે. વીણી ચાલુ છે. પાક સંરક્ષણનાં કાર્યો કરેલ છે. મોલોમશી અને ગુલાબી ઈયળનો ઉપદ્રવ આર્થિક ક્ષમ્ય માત્રાથી વધુ નોંધાયેલ છે. કેટલાક ખેતરોમાં બેકટેરીયાથી થતો પાનના ટપકાંનો રોગ અને મૂળનો કોહવારો મધ્યમ થી વધુ પ્રમાણમાં તથા પાન લાલ થવાની ઓછી માત્રામાં જુદી જુદી સંકરોમાં જોવા મળેલ છે.

જુનાગઢ ખાતે વાવણી કરેલ પાક જીંડવા ફાટવાની અવસ્થાએ છે. વીણી ચાલુ છે. ઘણી જગ્યાએ મોલોમશીનો ઉપદ્રવ જોવા મળેલ છે. બ્લેક સોટી મોલ્ડ પણ જોવા મળેલ છે.

**સલાહ :**

સુરત ખાતે, ખેડુતોને જયારે કપાસ ભેજ વગરનો સુકો હોય ત્યારે તેની વીણી કરવાની સલાહ આપવામાં આવે છે. વધુ સારો ભાવ મેળવવા માટે ઉપદ્રવિત તથા બિન ઉપદ્રવિત કપાસને જુદો પાડી દેવો. જયારે ગુલાબી ઈયળની વસ્તી તેની આર્થિક ક્ષમ્ય માત્રા વટાવે અને સરેરાશ ૮–૧૦ લીલાં જીંડવા પ્રતિ છોડ પર જોવા મળે ત્યારે સાયપરમેથ્રીન ૧૦% ઈસી @ ૨૫૦ મીલી/ એકર અથવા સાયપરમેથ્રીન ૨૫% ઈસી @ ૧૦૦ મીલી/ એકર અથવા લેમડા સાયહેલોથ્રીન ૫% ઈસી @ ૨૦૦ મીલી/ એકર અથવા ડેલ્ટામેથ્રીન ૨.૮ ઈસી @ ૨૦૦ મીલી/ એકર અથવા ફેન્પ્રોપાથ્રીન ૧૦% ઈસી @ ૩૫૦  મીલી/ એકર અથવા ફેન્વાલરેટ ૨૦% ઈસી @ ૨૦૦ મીલી/ એકર અથવા આલ્ફાસાયપરમેથ્રીન ૧૦% ઈસી @ ૧૨૦ મીલી/ એકર પ્રમાણે છંટકાવ કરવો. વધુમાં, ફુગથી થતાં રોગકારકો જેવાં કે ગ્રે મીલડયુ અને કોરીનોસ્પોરા પાનનાં ટપકાંનો રોગનાં વ્યવસ્થાપન માટે ક્રેસોક્ષીમ મીથાઈલ ૪૪.૩ એસસી @ ૧૦ મીલી અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઈસી @ ૧૦ મીલી અથવા (મેટીરામ ૫૫% + પાયરોકલોસ્ટ્રોબીન ૫% ડબલ્યુજી) @ ૨૦ ગ્રામ અથવા (એઝોક્ષાસ્ટ્રોબીન ૧૮.૨% ડબલ્યુ/ ડબલ્યુ + ડાયફેનોકોનાઝોલ ૧૧.૪% ડબલ્યુ/ ડબલ્યુ એસસી) @ ૧૦ મીલી અથવા (ફ્લુક્ષાપાયરોક્ષાડ ૧૬૭ ગ્રામ/ લી. + પાયરાકલોસ્ટ્રોબીન ૩૩૩ ગ્રામ/ લી. એસસી) @ ૬ મીલી પ્રતિ ૧૦ લી. પાણીમાં ભેળવી છાંટવું.

જુનાગઢ ખાતે, છેલ્લી વીણી બાદ પાક અવશેષો અને અર્ધ ખુલેલ અને ગુલાબી ઈયળથી ઉપદ્રવિત જીંડવાઓનાં નિકાલ માટે ઘેટાં–બકરા ખેતરમાં ચરવા મુકવા. સમયસર વીણી પુરી પાક પુર્ણ કરી દેવો. છેલલી વીણી બાદ કપાસની કરસાંઠીઓનાં નાના ટુકડાં કરી જમીનમાં ભેળવી દેવો.